# હેમચંદ્રાચાર્યોત્તર સંસ્કૃત જૈનસાહિત્યમાં હેમ-કુમારપાળ સંબંધિત રૂપક કથાઓ

❑ ડૉ. પ્રહ્લાદ પટેલ

ગુજરાતના મહાન જ્યોતિર્ધર કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યનું સ્થાન એક સર્જક તરીકે તેમજ એક મહાન ધર્મપુરુષ તરીકે, સમગ્ર ગુજરાતના ધાર્મિક, સાંસ્કૃતિક, સાહિત્યિક અને રાજકીય ઇતિહાસમાં ચિરંજીવ અને પ્રગાઢ અસર મૂકી જનાર વિરલ પ્રતિભા તરીકેનું છે.

સૌપ્રથમ 'ગૂર્જર' શબ્દ પ્રચલિત કરનાર હેમચંદ્રાચાર્ય છે. વર્તમાન ગુર્જરગિરાનાં મૂળ એમની વાણીમાં છે. ગુજરાતને ભારતીય સાહિત્યકારોની પંગતમાં સ્થાન અપાવવાનું કાર્ય એમને હાથે થયું છે. સિદ્ધરાજની સ્થૂળ વિજયગાથાઓને 'સિદ્ધહેમ શબ્દાનુશાસન' દ્વારા માળવાની સરસાઈમાં ગુજરાતની કીર્તિને ભારતવ્યાપી તેમણે કરી; તેમજ અહિંસા જેવા મહાધર્મની મહત્તાને વર્તમાન ગુજરાતી સમાજ સુધી પહોંચાડનાર હેમચંદ્રાચાર્યનું વ્યક્તિત્વ લોકોત્તર હતું.

ઉપનિષદ્‌માં પરબ્રહ્મ-પરમેશ્વર વિશે કહ્યું છે કે - તેના પ્રકાશ્યા પછી જ બધું પ્રકાશે છે અને તેના પ્રકાશથી જ બધું પ્રકાશિત થાય છે. ગુજરાત ઉપરની હેમચંદ્રાચાર્યની પ્રભાવક અસર જોતાં આ કથન એમને માટે પ્રયુક્ત કરી શકાય તેમ છે. તેમના વિરાટ વ્યક્તિત્વનાં કેટલાંક પાસાંઓને અનુલક્ષીને - થોડાક વિવાદો સર્જીને આપણે એમની પ્રતિભાને ઓળખવામાં ઊણા ઊતર્યા છીએ. પરંતુ મહામાનવોનું કેટલુંક તો લોકોત્તર હોય છે. **महतां हि सर्वमथवा जनातिगम्** । (શિશુપાલવધ)

એક વીતરાગ સાધુ હોવા છતાં ગુજરાત માટેની તેમની ભાવના પ્રશસ્ય છે. 'જ્યાં લક્ષ્મી લેશ પણ દુઃખ ન પામે અને સરસ્વતી સાથે વેર ન રાખે' એવા ગુજરાતની કલ્પનામાં તેઓ રાચતા હતા.

એમની સિદ્ધિઓ ચાર પ્રકારે મૂલવાઈ છે (૧) વિદ્વાન સાહિત્યકાર, (૨) સંસ્કારનિર્માતા સાધુ, (૩) સમયધર્મી રાજનીતિજ્ઞ અને (૪) સૌથી વિશેષ આધ્યાત્મિક સાધુ તરીકે - પરિણામે તેમનામાં લોકસંગ્રહની - લોકાનુગ્રહની ભાવના સદૈવ જાગ્રત હતી.

ગુજરાતની સંસ્કારિતાનો પિંડ બાંધનાર આ આચાર્ય માત્ર કુમારપાળના જ ગુરુ ન હતા, પરંતુ ગૂર્જર રાષ્ટ્રના કુલગુરુ સમાન હતા તેથી જ સમકાલીનોથી પ્રારંભીને વર્તમાન સદી સુધીના સાહિત્યકારોએ તેમને સ્મરણ-વંદનાથી સન્માનિત કર્યા છે. તેમના સમકાલીન 'કુમારપાળ પ્રતિબોધ'ના કર્તા સોમપ્રભાચાર્યના મતે તેમણે વ્યાકરણ, છંદ, અલંકાર, યોગ, જિનચરિત્રો, તર્કશાસ્ત્ર વગેરેની રચનાથી પ્રજાના અજ્ઞાન-અંધકારને દૂર કરવા પ્રયત્ન કર્યો.

**क्लृप्तं व्याकरणं नवं विरचितं छंदो नवं द्वयाश्रया -**
**लंकारौ प्रथितौ नवौ प्रकटितं श्रीयोगशास्त्रं नवम् ।**
**तर्कः संजनितो नवो जिनवरादीनां चरितं नवम्**
**बद्धं येन केन केन विधिना मोह कृतो दूरतः ॥**

તો બીજી બાજુ આચાર્ય ધર્મપુરુષ તરીકે મહારાજા કુમારપાળના પ્રતિબોધક હતા. તેમણે સિદ્ધરાજને મિત્ર તરીકે જૈન ધર્મનો ઉપદેશ આપ્યો પરંતુ તેને જૈન ધર્મી બનાવવામાં સફળ ન થઈ શક્યા પણ કુમારપાળને જૈન ધર્માનુરાગી કરીને જૈન ધર્મને રાજધર્મ સ્થાપિત કરવામાં સફળ થયા.

આચાર્ય સૌપ્રથમ ધર્મોપદેશક હતા. પ્રાચીન કાળમાં પણ પ્રજાને ઉપદેશ આપવા કરતાં રાજવીઓને ઉપદેશ આપીને ધાર્યાં પરિણામો પ્રાપ્ત કર્યાનાં અનેક દૃષ્ટાંતો જૈન ઇતિહાસ-કથાઓમાં મળી આવે છે, અને તે પણ ધર્મકથાનુયોગ દ્વારા વિશેષ પ્રમાણમાં. જૈન આગમશાસ્ત્રોમાં જે વર્ણન આવે છે તે તમામનો સમાવેશ ચાર પ્રકારના અનુયોગમાં કરવામાં આવે છે. તેમાં ધર્મકથાનુયોગને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે. એથી વિશેષ તો ધર્મોપદેશનું કાર્ય પ્રભાવક રીતે તો રૂપકાત્મક કથાઓ દ્વારા થયું છે. તેથી જ ભારતીય કથા-આખ્યાનસાહિત્યમાં રૂપકાત્મક સાહિત્યનું સ્થાન વિશિષ્ટ છે.

પરંતુ એક વાત સ્પષ્ટ છે કે હેમચંદ્રાચાર્યે ઉપદેશના માધ્યમ તરીકે રૂપક જેવા પ્રભાવશાળી સાહિત્યપ્રકારને સ્પર્શ કર્યો નથી; તો પણ બીજી એક ઉલ્લેખનીય બાબત એ છે કે હેમચંદ્રાચાર્ય અને કુમારપાળને કેન્દ્રમાં રાખીને તેમના સમકાલીન અને પરવર્તી જૈન સર્જકોએ રૂપક રચનાઓ કરી છે. તે બાબત હેમચંદ્રાચાર્યનો પ્રભાવ અને કુમારપાળ માટેનો આદર સૂચવે છે. તેમના સમકાલીન સોમપ્રભાચાર્યથી શરૂ કરીને જિનમંડન ગણિ (પંદરમી સદી) સુધી આ ગુરુશિષ્યની બેલડી સંબંધિત અનેક રૂપક રચનાઓ થઈ છે.

જૈન પરંપરામાં રૂપક સાહિત્યના મહત્ત્વને લીધે પ્રથમ તેના સ્વરૂપની ચર્ચા અસ્થાને નથી. અંગ્રેજી સાહિત્યમાં જેને Allegory કહે છે તે રૂપકાત્મક સાહિત્યમાં અમૂર્ત ભાવોને મૂર્ત રૂપે ઉપસ્થિત કરવામાં આવે છે. હૃદયના સૂક્ષ્મ ભાવો ઇન્દ્રિયોનો વિષય બની શકતા નથી; જ્યારે તે જ ભાવો ઉપમા-રૂપક દ્વારા સ્થૂળ-મૂર્તરૂપ ધારણ કરે છે તો ઇન્દ્રિયગોચર થતાં વધારે સ્પષ્ટ અને બોધગમ્ય બને છે. ઇન્દ્રિયો દ્વારા સાક્ષાત્ રૂપમાં પ્રત્યક્ષ થતાં એ સૂક્ષ્મભાવો સજીવ રૂપ ધારણ કરીને હૃદયને અત્યધિક પ્રભાવિત કરવા સમર્થ બને છે. તેથી રૂપક સાહિત્યમાં અમૂર્તનું મૂર્તમાં વિધાન પ્રચલિત થયું.

જૈન આગમસાહિત્યમાં 'ઉત્તરાધ્યયનસૂત્ર,' 'સૂત્રકૃતાંગ' 'જ્ઞાતાધર્મકથા' વગેરેમાં આવાં રૂપકો છે, પરંતુ તે અલ્પશબ્દ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેહયુક્ત અને કૂટ-કોયડા રૂપે છે. સંપૂર્ણ રૂપક કથા તરીકે સિદ્ધર્ષિકૃત 'ઉપમિતિભવ પ્રપંચાકથા'નું સ્થાન ભારતીય સાહિત્યમાં સર્વોત્તમ છે. એક ધર્મકથા-વિશેષ તો રૂપકાત્મક ધર્મકથા તરીકે તેનો પ્રભાવ પરવર્તી જૈન સાહિત્યમાં - સંસ્કૃતપ્રાકૃત બંનેમાં - છેક સત્તરમી સદીના ઉપાધ્યાય યશોવિજયજી સુધી વિસ્તર્યો છે.

હેમચંદ્રાચાર્યના સમકાલીન મલધારી હેમચંદ્રાચાર્યે પણ રૂપક કથાઓ લખી છે. તેમની પ્રાકૃત કથા 'ભવભાવના'માં સંસ્કૃત 'ભુવનભાનુકેવલીચરિતમ્' રૂપકાત્મક રચના છે. તે ઉપરાંત તેમણે 'ઉપદેશમાળા' અપરનામ 'પુષ્પમાળા'માં પણ રૂપકની રચનાઓ કરી છે. પરંતુ કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે આ ક્ષેત્રે કોઈ પ્રદાન કર્યું નથી.

હેમચંદ્રાચાર્ય 'ઉપમિતિભવપ્રપંચાકથા'થી પ્રભાવિત થાય એવા ઐતિહાસિક સંજોગો હતા; ઇતિહાસ જોઈએ તો ગુજરાતની સંસ્કૃતિને પોષનારાં બે નગરો - વલભી અને ભિન્નમાળ. વલભી ભાગ્યું આઠમી સદીમાં; ભિન્નમાળનો વૈભવ ટક્યો અગિયારમી સદી સુધી. આ બંને નગરોનાં લુપ્ત થતાં વિદ્યાતેજ, ધર્મઝરણાં આધ્યાત્મિક સાહિત્યની સરવાણીઓ પાટણે ઝીલીને સર્વને સવાયાં કરીને આત્માસાત્ કર્યાં.

આમ ભિન્નમાળની ધર્મ અને સાહિત્યની પરંપરાઓ પાટણમાં ઊતરી. વળી જૈન રૂપક સાહિત્યના સમર્થક ત્રણ જૈનાચાર્યો આ નગર સાથે સંબંધ ધરાવતા હતા. 'સમરાઇચ્ચકહા'ના સર્જક હરિભદ્રાચાર્ય આ નગરમાં અવારનવાર વિહરતા હતા. ઉદ્યોતનસૂરિએ પ્રાકૃતકથા 'કુવલયમાળા' (શક સંવત ૭૦૦) આ નગરમાં પૂર્ણ કરી હતી. તો સિદ્ધર્ષિએ 'ઉપમિતિભવપ્રપંચાકથા' વિ.સં. ૯૬૨માં આ નગરમાં લખી હતી.

હેમચંદ્રાચાર્ય આ સર્વ રચનાઓથી જ્ઞાત હોય જ. હરિભદ્રની 'સમરાઇચ્ચકહા' નિર્દિષ્ટ ભવભીરુતા અને ઉપમિતિનિરૂપિત ભવપ્રપંચોની સભાનતા ધર્મપુરુષ હેમચંદ્રાચાર્યને પ્રભાવિત કરે જ, પરિણામે જ તેમણે કુમારપાળનું એ રીતે ઘડતર કર્યું કે તે માત્ર 'પરમમાહેશ્વર' ન રહેતાં જીવનની પાછલી અવસ્થામાં 'પરમાર્હત' બન્યા. તેમણે જ આચાર્યને પોતાને માટે 'યોગશાસ્ત્ર' રચવાની વિનંતી કરી. 'વીતરાગસ્તોત્ર' પણ તેમણે કુમારપાળ માટે જ લખ્યું હતું.

આમ હેમચંદ્રાચાર્યે રૂપક સાહિત્ય ભલે ન લખ્યું, પરંતુ એક વાત તો સ્પષ્ટ છે કે જૈન સર્જકોમાં હેમચંદ્રાચાર્ય માટે તો અપૂર્વ આદર હતો જ, પણ એમના ઉપદેશથી પરમાર્હત બનેલા કુમારપાળ માટે પણ સદ્ભાવ જાગ્યો. તેથી જ આ બેલડીને કેન્દ્રમાં રાખીને જેમાં તમામ પાત્રો ભાવાત્મક-રૂપકાત્મક હોય પણ હેમ-કુમારને માનવપાત્રો તરીકે રજૂ કરીને હિંસાત્યાગ, માંસમદિરાત્યાગ, સપ્તવ્યસનનિષ્કાસન, અપુત્રમૃતકધનત્યાગ, પરસ્ત્રીગમનત્યાગ આદિ મુદ્દાઓને આવરી લેતી રૂપકાત્મક રચનાઓ જૈન સાહિત્યમાં થઈ છે.

હવે હેમ-કુમાર સંબંધિત રચનાઓ અંગેનો ઉપક્રમ છે.

૧. **मोहराजपराजय** - યશઃપાલ

વિ.સં. ૧૨૨૯માં કુમારપાળ મહારાજાનું અવસાન થયું અને અજયપાળ ગાદીએ આવ્યો, (વિ.સં. ૧૨૨૯-૩૨). ગુજરાતની સંસ્કારિતાના અંધકાર યુગના પ્રારંભે મોઢવણિક ગોત્રના અને અજયપાળના મંત્રી યશઃપાલે 'મોહરાજપરાજય' નામે રૂપકાત્મક નાટક લખ્યું અને તે ધારાપદમાં મહાવીર-મૂર્તિપ્રતિષ્ઠાના મહોત્સવ પ્રસંગે ભજવાયું હતું.

આ નાટકમાં યશઃપાલે હેમચંદ્રાચાર્યની ખૂબ પ્રશંસા કરી છે. અજયપાળના રાજ્યમાં આ નાટક ભજવાયું એનો અર્થ એ કે તત્કાલીન સમાજમાં હેમ-કુમાર લોકહૃદયમાં દિવ્ય મૂર્તિ તરીકે પ્રતિષ્ઠા પામ્યા હતા.

પ્રસ્તુતઃ નાટક સંપૂર્ણતયા રૂપક છે, તેમાં હેમ-કુમારની જોડી અને વિદૂષક સિવાયનાં પાત્રો રૂપકાત્મક છે.

**કથાવસ્તુ**

કુમારપાળે મોહરાજનું સ્વરૂપ જાણવા માટે મોકલેલ જ્ઞાનદર્પણ ગુપ્તચર સમાચાર આપે છે કે જનમનોવૃત્તિ નગર ઉપર કબજો કરીને મોહરાજે રાજા વિવેકચંદ્ર અને રાણી શાન્તિ તથા પુત્રી કૃપાસુંદરીને નિર્વાસિત કર્યાં છે. બીજું એ પણ કહે છે કે કુમારપાળે જૈન મુનિના પ્રભાવમાં આવીને તેની રાણી કીર્તિમંજરી અને રાણીના ભાઈ પ્રતાપને રાજ્યમાંથી દૂર કર્યાં છે તેથી રાણી મોહરાજ સાથે ભળી જઈને કુમારપાળ ઉપર હુમલો કરવાની તૈયારી કરે છે. (અંક ૧)

ભવિષ્યવેત્તા ગુરુપદેશ પાસેથી જ્ઞાત થયું કે કુમારપાળ કૃપાસુંદરીને પરણીને ત્રિલોકશત્રુ મોહરાજને જીતશે. આ તરફ વિવેકચંદ્ર સપરિવાર હેમચંદ્રાચાર્યના આશ્રમમાં સ્થિત હોવાથી કુમારપાળે કૃપાસુંદરીને જોઈ અને તેના પ્રત્યે આકર્ષાયા. રાજાને કૃપાસુંદરીનો પુરુષદ્વેષ અને લગ્ન માટેની પ્રતિજ્ઞાઓ જાણવા મળી કે -

**इह भरतनृपाद्यन्न केनापि त्यक्तं**
**मुञ्चति मृतधनं यस्तदपि पापैकमूलम् ।**
**निजजनपदसीमां मोचयेद्यश्च द्यूत -**
**प्रमुख व्यसनचक्रं स वरो मम भवतु ॥ - (२-४३)**

કૃપાસુંદરી પ્રત્યે ઈર્ષ્યાભાવથી તેને કુરૂપ બનાવવા ઇચ્છતી કુમારપાળની પત્ની રાજ્યશ્રીને દેવી દ્વારા આદેશ મળ્યો કે કુમારપાળ કૃપાસુંદરીને પરણીને મોહરાજને જીતશે તેથી સ્વયં રાજ્યશ્રીએ જ ઈર્ષ્યાભાવ ત્યજીને કૃપાસુંદરી કુમારપાળને પરણે એવો પ્રસ્તાવ મૂકવો. આ અંકમાં રાજાએ અપુત્ર મૃતકધન ત્યાગની જાહેરાત કરી.

**पत्न्या क्षार इव क्षते पतिमृतौ यस्यापहारः किल ।**
**आपाधोधि कुमारपालनृपतिर्देवो रुदत्याधनं**
**बिभ्राण सदयं प्रजासु हृदयं मुञ्चत्ययं तत्स्वयम् ॥ ३-५५** (અંક ૩)

ત્યારપછી રાજા પોતાના રાજ્યમાંથી સપ્તવ્યસનનિષ્કાસનનું કાર્ય શરૂ કરે છે. દ્યૂતક્રીડા, માંસભક્ષણ, મદિરાપાનાદિ વ્યસનો જે પરંપરાથી રાજ્યમાં વસેલાં હતાં, તે સર્વને રાજ્યની સીમા બહાર કાઢવામાં આવે છે. (અંક ૪)

વિવેકચંદ્રે કૃપાસુંદરી સાથે કુમારપાળનાં લગ્ન જાહેર કર્યાં અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મોહરાજ યુદ્ધે ચડ્યો. રાગદ્વેષ સાથે વ્યસનો તેના સૈન્યમાં ભળે છે, પરંતુ હેમચંદ્રાચાર્ય દ્વારા પ્રાપ્ત યોગશાસ્ત્રરૂપ કવચ - **योगशास्त्रं नाम वज्रकवचं तथा वीतरागस्तुतिसंज्ञा विंशतिर्दिव्य गुलिकाः** થી તે અભેદ્ય અને અદૃશ્ય રહે છે. છેવટે યુદ્ધમાં મોહરાજ પરાજિત થતાં વિવેકચંદ્રને જનમનોવૃત્તિનગરમાં પુનઃ સ્થાપિત કરવામાં આવે છે.

આ નાટકમાં પીટર્સને કુમારપાળનો આધ્યાત્મિક વિકાસ નિહાળ્યો છે.

૨. **कुमारपालप्रतिबोध** (પ્રાકૃત) સોમપ્રભાચાર્ય - વિ.સં. ૧૨૪૧

કુમારપાળના મૃત્યુ પછી અગિયારમા વર્ષે તેમના લઘુ સમકાલીન સોમપ્રભાચાર્યે 'કુમારપાળપ્રતિબોધ'ની રચના કરી હતી. મૂળ સ્વરૂપે તો હેમચંદ્રાચાર્યે સમયે સમયે વિવિધ વ્યાખ્યાનો દ્વારા કુમારપાળને ધર્મબોધ આપીને જૈનધર્મ સ્વીકારાવ્યો તેનું વિસ્તૃત નિરૂપણ છે.

કવિ કુમારપાળની જીવદયા ભાવનાથી અને તેના પ્રેરક હેમચંદ્રાચાર્યની ઉપદેશ શક્તિથી ખૂબ પ્રભાવિત છે.

**स्तुमस्त्रिसंध्यं प्रभुहेमसूरेरनन्य तुल्यामुपदेशशक्तिम्**
**अतीन्द्रियज्ञानविवर्जितोऽपि यः क्षोणिभर्तुर्व्यधितप्रबोधम् ।**
**सत्त्वानुकंपा न महीभुजां स्यादित्येष कॢप्तो वितथ प्रवादः**
**जिनेन्द्रधर्मं प्रतिपद्य येन श्लाघ्यः स केषां न कुमारपालः ॥**

પ્રસ્તુત ગ્રંથના પાંચમા પ્રસ્તાવના છઠ્ઠા પ્રકરણમાં 'જીવમન ઇન્દ્રિયસંલાપકથા' સંપૂર્ણતયા રૂપકાત્મક છે. અહીં કુમારપાળ પાત્ર તરીકે નથી પરંતુ કથા તેને ઉદ્દેશીને આ રીતે રજૂ કરવામાં આવી છે.

લાવણ્યલક્ષ્મીના સ્થાનરૂપ દેહનામે પાટણ નગરીમાં નાડીરૂપ માર્ગમાં પવન કોટવાળ છે. આત્મા નામે રાજા, બુદ્ધિરૂપી રાણી સાથે ભોગોપભોગમાં આસક્ત છે. રાજાને મનરૂપી મહામંત્રી અને સ્પર્શન, રચના, ઘ્રાણાદિ પાંચ ઇન્દ્રિયોરૂપી પ્રધાનો છે.

એક વાર મનમંત્રીએ રાજાને ફરિયાદ કરી કે 'અજ્ઞાન કોટિ જીવનો દુઃખી કરે છે.' ત્યારે રાજાએ કહ્યું કે : 'હે મન, તારી વાત અયુક્ત છે. વિવિધ આરંભ કરનાર, અબ્રહ્મનું સેવન કરનાર તું ક્યાં અને જીવદયા ક્યાં ? ઊંટના પગે ઝાંઝર ન શોભે, હું તારાં કુકર્મોથી ભવોભવની વિડંબના પામું છું.'

પ્રત્યુત્તરમાં મનમંત્રીએ સ્પર્શનપ્રમુખ પાંચે પ્રધાનોને દોષિત ઠરાવી અન્ય પુરુષોની પ્રધાનો તરીકે માગણી કરી. સ્પર્શન તો સમગ્ર શરીરમાં વ્યાપ્ત હોવાથી સર્વ ઇન્દ્રિયોના પ્રેરક તરીકે મંત્રી મનને જ જવાબદાર માને છે; વળી એણે એમ પણ કહ્યું કે કુળશીલની પરીક્ષા કર્યા વગરના સેવકો સ્વામીને દુઃખ આપે છે, માટે સૌનાં કુળશીલની તપાસ કરવી જોઈએ.

અંતે બુદ્ધિના ભાઈ વિમર્શ અને પુત્ર પ્રકર્ષ - મામા ભાણેજને પાંચેય ઇન્દ્રિયપ્રધાનોની કુળશીલની તપાસ સોંપવામાં આવી. તેમણે આપેલો અહેવાલ આ પ્રમાણે છે.

ચિત્ત નામે અટવીમાં જ્ઞાનાવરણીયાદિ સાત માંડલિક રાજાઓથી શોભતો મહામોહ નામે રાજા રાજ્ય કરે છે. તેને મૂઢતા નામે રાણી છે. રાગકેસરી અને દ્વેષગજેન્દ્ર નામે બે પુત્રો છે. મિથ્યાદર્શન નામે મંત્રી છે, અને માન, ક્રોધ, મત્સરાદિ યોદ્ધાઓ છે.

એકવાર રાજા ચિત્તવિક્ષેપ નામે મંડપમાં વિપર્યાસ સિંહાસન ઉપર આરૂઢ હતો ત્યારે મિથ્યાદર્શન મંત્રીએ કહ્યું: 'હે દેવ, ચારિત્રધર્મ નામે રાજાનો સંતોષ સેવક તમારા લોકોને વિવેક પર્વત ઉપર આવેલા જૈનનગરમાં લઈ જાય છે. પરંતુ વિષયાભિલાષ મંત્રી અને તેનાં ઇન્દ્રિયાદિ બાળકો અને તેમના કષાયાદિ સહાયકો લોકોને જૈનનગરમાં જતા અટકાવે એવી આજ્ઞા કરો.' ત્યારપછી મોહરાજે ઇન્દ્રિયાદિ બાળકોને એ કાર્ય માટે નિયુક્ત કર્યા. આ રીતે વિમર્શ-પ્રકર્ષે ઇન્દ્રિયોના કુળની-શીલની વિગતો આપી.

ઇન્દ્રિયોએ કહ્યું : 'હે દેવ, અમે તો આપનાં દર્શન જ કર્યાં નથી અને મનમંત્રીના આદેશ અનુસાર જ વર્તીએ છીએ, તો પણ મન અમને જ દોષિત ઠરાવે છે.' ડરી ગયેલા મને કહ્યું : 'આમાં તો મારો કે ઇન્દ્રિયોનો દોષ જ નથી, આપને સુખ-દુઃખ મળે છે તેમાં પૂર્વકૃત કર્મો જ નિમિત્ત છે.' પરંતુ સ્પર્શેન્દ્રિય પ્રધાને મનમંત્રીને જ પૂર્વકૃત કર્મો માટે પણ કારણભૂત સાબિત કર્યો.

અંતમાં આત્મરાજે સર્વ ઇન્દ્રિય પ્રધાનો અને મનમંત્રીને પ્રશમ ધારણ કરવા ઉપદેશ આપ્યો અને પોતાની મતિ જિનરાજ, સાધુધર્મ અને જીવદયામાં લીન થયેલી જણાવી સૌને શુભ માર્ગે વળવા જણાવ્યું.

વાર્તાલાપ-સંવાદનો ઉત્તરાર્ધ સંપૂર્ણતયા 'ઉપમિતિભવ-પ્રપંચાકથા'ના ચોથા પ્રસ્તાવના રસના કથાનકના સંક્ષિપ્તીકરણ જેવો છે. તફાવત એટલો જ છે કે ઉપમિતિમાં રસનાનું મૂળ શોધવાની વાત છે જ્યારે અહીં સર્વ ઇન્દ્રિયોનાં મૂળ શોધવાની વાત છે. સમગ્ર ગ્રંથ કુમારપાળની જૈનત્વ તરફ ગતિ સૂચવી જાય છે.

૩. **प्रबंधचिन्तामणि** - મેરુતુંગસૂરિ

મેરુતુંગસૂરિએ વિ.સં. ૧૩૬૧ના વૈશાખ સુદિ પૂર્ણિમા ને રવિવારે આ ઐતિહાસિક પ્રબંધ પૂર્ણ કર્યો હતો. આ ઐતિહાસિક પ્રબંધના પરિશિષ્ટમાં કુમારપાળનો અહિંસા કુમારી સાથેનો વિવાહ શુદ્ધ રૂપક તરીકે નિરૂપિત છે. તુલનાત્મક અધ્યયન પરથી સ્પષ્ટ થાય છે કે મેરુતુંગ સૂરિએ 'મોહરાજપરાજય'માંથી પ્રેરણા લઈને આ રૂપક પ્રબંધ રચ્યો છે. ઐતિહાસિક પ્રબંધરચનામાં રૂપકનું અસ્તિત્વ હેમ-કુમાર તરફના અહોભાવનું પ્રતીક છે.

ત્રિલોકસમ્રાટ અર્હદ્ધર્મની અનુકંપા દેવીથી અહિંસા કન્યા ઉત્પન્ન થઈ અને તે હેમચંદ્રાચાર્યના આશ્રમમાં વૃદ્ધકુમારી થઈ જાય છે. એકવાર અહિંસા કુમારીને જોઈને કુમારપાળ એના સૌન્દર્યથી મુગ્ધ થઈ જાય છે, અને તેની માગણી કરે છે. તો આચાર્ય તેને કુમારીની દુષ્પૂરણીય પ્રતિજ્ઞા જણાવે છે.

**सत्यवाक् परलक्ष्मीभुक् सर्वभूताभयप्रदः ।**
**सदा स्वदारसंतुष्टस्तुष्टो मे स पतिर्भवेत् ॥ ५ ॥**
**सुदूरं दुर्गतेर्बन्धून् दूतान् सप्तपौरुषान् ।**
**निर्वासयति यश्चित्तात् स शिष्टो मे पतिर्भवेत् ॥ ६ ॥**
**मत्सोदरं सदाचारं संस्थाप्य हृदयासने ।**
**तदेकचित्तः सेवेत स कृती मे पतिर्भवेत् ॥ ७ ॥**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કુમારપાળે આચાર્યની પ્રેરણાથી આ શરતો સ્વીકારીને વૃદ્ધકુમારી અહિંસા સાથે લગ્ન કર્યું. કન્યાનું મુખમંડળ નિહાળવા બોત્તેર લાખની આવકનો રુદતીકરત્યાગ - નિઃસંતાનધનત્યાગ રૂપ દાન કર્યું.

આ સમયે રાજાની હિંસા નામની પત્ની વિધાતા પાસે ચાલી ગઈ, વિધાતાએ એને આશ્વાસન આપ્યું કે : ''સત્યપ્રિય એવા કુમારપાળ જૈન સાધુના કહેવાથી વિરકત થયા છે. હવે હું તને એવા પતિ સાથે પરણાવીશ કે જેથી તારું એક ચક્રી રાજ્ય ચાલે.''

૪. **प्रबोधचिन्तामणि** - જયશેખરસૂરિ

'જૈનકુમારસંભવ'ના કર્તા જયશેખરસૂરિએ વિ.સં. ૧૪૬૨માં આ ગ્રંથની રચના કરી છે. પ્રસ્તુત ગ્રંથમાં ભગવાન પદ્મનાભના શિષ્ય ધર્મરુચિ દ્વારા રજૂ થયેલું આત્મસ્વરૂપ-નિરૂપણ મુખ્ય વસ્તુ છે. પરંતુ આ સંપૂર્ણ રૂપકાત્મક રચનામાં મોહ-વિવેક યુદ્ધમાં વિવેકનો વિજય બતાવતાં કલિયુગમાં દુઃખી પૃથ્વીના ઉદ્ધારાર્થે રાજા કુમારપાળના જન્મનો ઉલ્લેખ કર્યો છે.

શરીરમાં મજ્જાપર્યંત જૈનધર્મી આ રાજાએ અઢાર દેશોમાંથી 'માર' શબ્દ દૂર કર્યો, કતલખાનાં અને મદિરાની ભઠ્ઠીઓ બંધ કરાવી.

**मज्जाजैनेन येनोच्चै राजर्षिख्यातिमीयुषा ।**

**अष्टदशदेशेषु मारीशब्दोऽपि वारितः ॥ ६-३४**

**कलेः कलेवरे भक्तपानदानेन ये हिते ।**

**ते हते अमुना सूना भ्राष्ट्रयौ मोहस्य वल्लभे ॥ ६-४१**

પુરોગામીઓનાં રૂપકો અનુસાર કુમારપાળના સદ્ગુણ પ્રાકટ્યના ઉદ્દેશથી અહીં રૂપકાત્મક પાત્રો સાથે કુમારપાળનો ઉલ્લેખ કર્યો છે. તેના રાજ્યમાં ચારે વર્ણો હિંસા ત્યજી જૈન બન્યા.

**संजातमार्हतं चातुर्वर्ण्यं हिंसां जहौ जनः ।**

**सर्वत्र साधवोऽर्च्यन्तेऽधीयते धार्मिकी श्रुतिः ॥ ६-४६ ॥**

૫. **कुमारपालप्रबंध** - જિનમંડન ગણી - વિ.સં. ૧૪૯૨

ઈતિહાસ પર પ્રકાશ પાડતી આકૃતિમાં વિ.સં. ૮૦૨માં અણહિલપુર પાટણની સ્થાપનાથી વિ.સં. ૧૨૩૦ સુધીની ઘટનાઓની સંક્ષિપ્ત રજૂઆત છે ; તેમાં પણ રૂપકાત્મક અંશ છે.

એકવાર ગુરુવંદના કરતા રાજાએ પૌષધશાળાના દરવાજે એક સુંદર કન્યા જોઈ. હેમચંદ્રાચાર્યે કન્યાનો પરિચય કરાવ્યો કે તે વિમલચિત્ત નગરના અર્હદ્ધર્મ રાજા અને વિરતિ રાણીની પુત્રી કૃપાસુંદરી છે. તેને યોગ્ય વર ન મળતાં તે વૃદ્ધકુમારી તરીકે પ્રસિદ્ધ છે.

વળી આ પરિવારના અહીં આગમન વિશે કહ્યું કે અર્હદ્ધર્મ અને રાજસચિત્તપુરના મોહરાજ વચ્ચે નિરંતર યુદ્ધો થતાં રહે છે. કળિયુગમાં મોહરાજ ફાવી ગયો છે તેથી અર્હદ્ધર્મ અત્યારે તેના પરિવાર સાથે કુમારપાળના રાજ્યમાં વસ્યો છે.

કૃપાસુંદરીના પરિવારની મહત્તા જાણીને કુમારપાળે તેની સાથે લગ્ન કરવા વિચાર્યું. તેણે મતિપ્રકર્ષ દ્વારા કૃપાસુંદરીની પ્રતિજ્ઞાઓ જાણી - મૃતકધન ત્યજે, રાજ્યમાંથી વ્યસનોનું નિષ્કાસન કરે તેની સાથે કૃપાસુંદરી લગ્ન કરશે. જાહેર કરવામાં આવ્યું કે હેમચંદ્રાચાર્યના ઉપદેશથી આ બધું પહેલેથી જ કુમારપાળે કર્યું છે.

**किञ्चाऽभक्ष्यमयं त्यक्त्वा परनारीपराङ्मुखः ।**

**स्वदेशे परदेशे च हिंसादिकमवारयत् ॥**

આ સાંભળી પ્રસન્ન થયેલા ધર્મભૂપે વિરતિને જણાવીને કૃપાસુંદરી કુમારપાળને પરણાવી. - વિ.સં. ૧૨૧૬ના માગશર સુદી બીજના શુભ દિવસે.

હેમચંદ્રાચાર્યે આશીર્વાદ આપ્યા કે :

**या प्राये न पुरा निरीक्षितुमपि श्री श्रेणिकाद्यैर्नृपैः**

**कन्यां तां परिणायितोऽसि नृपते ! त्वं धर्मभूमिशितुः ।**

**अस्यां प्रेम महद्विधेयमनिशं खण्ड्यं च नैतद्वचो**

**यस्मादेतदुरुप्रसंगवशतो भावी भृशं निवृत्तः ॥**

''શ્રેણિક જેવા રાજા-મહારાજાઓ જેને જોવા પણ પામ્યા નથી તેવી કૃપાસુંદરીને પરણીને હે રાજન્, સુખી થઈશ.'' જૈન પરંપરા માને છે કે ભગવાન મહાવીરની હયાતીમાં તેમના પરમભક્ત શ્રેણિકે અહિંસાક્ષેત્રે જે કામ ન કર્યું તે કામ કુમારપાળે શ્રદ્ધેય ગુરુ હેમના આશીર્વાદથી કર્યું એવો ગર્ભિતાર્થ છે.

મોહરાજને જીતીને પોતાના પિતાનું રાજ્ય પાછું અપાવવા કૃપાસુંદરીએ કુમારપાળને વિનંતી કરી તો કુમારપાળે મોહરાજની રાજધાની પાસે પડાવ નાખ્યો અને જ્ઞાનદર્પણ દૂત સાથે કહેવડાવ્યું, ''ધર્મરાજનું રાજ્ય પાછું આપો અગર યુદ્ધ માટે તૈયાર થાઓ.'' મોહરાજે પડકાર ઝીલી લીધો, તેણે દુર્ધ્યાન સેનાપતિ સાથે માત્સર્યનું ક્વચ ધારણ કર્યું અને નાસ્તિક્યના હાથી પર બેસી રાગ ક્રોધાદિ વીરો સાથે યુદ્ધ આરંભ્યું; પરંતુ શસ્ત્રો ખૂટી પડતાં તે યુદ્ધભૂમિમાંથી ભાગી ગયો.

આમ હેમચંદ્રાચાર્ય અને મહારાજા કુમારપાળને કેન્દ્રમાં રાખી ગુજરાતમાં લખાયેલું રૂપક-સાહિત્ય સમગ્ર સંસ્કૃત સાહિત્યમાં આગવું સ્થાન ધરાવે છે.

* * *

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org